# જાહેર ખબર

# ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન

**બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર**

**ટેલીફોન નં.૨૩૨૫૬૮૪૬ ,૨૩૨૫૩૮૯૩ ,૨૩૨૫૩૮૯૧**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન આદિજાતિના ઈસમોની આર્થિક તેમજ સામાજીક ઉત્કર્ષની કામગીરી કરે છે. ગુજરાતમાં વસતા આદિજાતિ લાભાર્થીઓને માટે ધિરાણ યોજનાઓ દ્વારા ૪ થી ૬ ટકાના ઓછા વ્યાજ દરે (૧) મોબાઈલ ફુડ વાન (મોબાઈલ રેસ્ટોરન્ટ), (૨) છકડો (૩) પાયલોટ તાલીમ (૪) વિદેશ ઉચ્ચ અભ્યાસ (૫) વકીલ સહાય(૬) મારૂતીવાન (ઈકો) (૭) પીકપવાન આપવામા આવે છે. આ યોજનાના અરજી ફોર્મ તમામ જિલ્લા કક્ષાએ તા.૨૮/૦૧/૨૦૧૯ થી ૦૨/૦૨/૨૦૧૯ સુધી વિતરણ કરવામાં આવશે. ટ્રાઈબલ એરીયામા રહેતા લોન અરજદારે (ડાંગ, વાસંદા, વલસાડ, માંડવી, સોનગઢ, રાજપીપળા, ભરૂચ, છોટાઉદેપુર, દાહોદ, મહીસાગર, ખેડબ્રહ્મા, પાલનપુર, અરવલ્લી, ગોધરા) જીલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીથી ફોર્મ લેવા તથા જમા કરાવવાના રહેશે. નોન ટ્રાયબલ વિસ્તાર માટે અમદાવાદ જીલ્લામાં આવતા (આનંદ,ગાંધીનગર,ખેડા,નડીયાદ)ના અરજદારોએ મદદનીશ કમિશ્નરશ્રી અમદાવાદ (આદિજાતિ) કચેરીમાંથી ફોર્મ લેવા તથા જમા કરાવવાના રહેશે. તથા મહેસાણા,પાટણ ના અરજદારોએ મદદનીશ કમિશ્નરશ્રી પાલનપુર (આદિજાતિ) કચેરીમાંથી ફોર્મ લેવા તથા જમા કરાવવાના રહેશે. તથા રાજકોટ જીલ્લામા આવતા (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર) અરજદારોએ મદદનીશ કમિશ્નરશ્રી રાજકોટ (આદિજાતિ) કચેરીમાંથી ફોર્મ લેવા તથા જમા કરાવવાના રહેશે. કચ્છ, સુરત અને વડોદરા જીલ્લામાં આવતા અરજદારોએ મદદનીશ કમિશ્નરશ્રી (આદિજાતિ) ની જે તે કચેરીમાંથી ફોર્મ લેવા તથા જમા કરાવવાના રહેશે. ફોર્મ જમા કરાવવાની અંતિમ તા.૨૨/૨/૨૦૧૯ ઓફીસ સમય દરમ્યાન જમા કરવવાના રહેશે.

**યોજનાની પાત્રતા નીચે મુજબ રહેશે.**

(૧) અરજદાર મુળ ગુજરાત રાજ્યના વતની હોય એવા આદિજાતિના ઈસમ હોવા જોઈએ.તેમજ છેલ્લા ૫ વર્ષથી જે સ્થળે રહેતો હોય તે અંગે નો પુરાવો રજુ કરવાનો રહેશે. (૨) ઉંમર ૧૮ વર્ષથી ૫૫ વર્ષ સુધીની હોવી જોઈએ. (૩) વાર્ષિક આવક-કુટુંબની બધી મળીને વાર્ષિક આવક શહેરી વિસ્તાર માટે રૂ.૧.૫૦ લાખ તેમજ ગ્રામ્ય વિસ્તાર માટે ૧.૨૦ લાખ થી વધુ ન હોવી જોઈએ.(૪) જાતિ અંગેનુ મદદનીશ કમિસ્નર (આદિજાતિ)નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે ,

ડૉ.સુમન રત્નમ દર્શી(IRS)
**કાર્યપાલક નિયામક**
**ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન**
ગાંધીનગર

**વેબસાઇડ:- https://adijatinigam.gujarat.gov.in**

**જાહેર ખબર : આદિજાતિના ઈસમોની જુદા જુદા હેતુ માટે અરજી ફોર્મ મંગાવવા બાબત.**